---

**મહે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (રવિકુમાર આર. પરમાર)**
**સાહેબશ્રીની કોર્ટમાં, મુ. આમોદ, જિ. ભરૂચ**

---

**ફોજદારી કેસ નંબરઃ– ૧૧૦/૨૦૨૬**

**આંકઃ– ૦૬**

ફરીયાદી ઃ– **શ્રી સરકાર**

**વિરૂદ્ધ**

આરોપી ઃ– **દિવ્યેશભાઇ નટવરભાઇ છગનભાઇ પરમાર**
રહે. જુના કોબલા, વાંટા ફળીયું, તા. આમોદ,
જી. ભરૂચ.

---

**ગુનો –મોટર વાહન અધિનિયમ ની કલમ–૧૮૫ તથા પ્રોહીબીશન એક્ટની કલમ –૬૬(૧)બી મુજબ**

---

ફરીયાદ પક્ષ તર્ફે વિધ્વાન એ.પી.પી.શ્રી. વી.જી.દેસાઇ
આરોપી તર્ફે વિધ્વાન વકીલ શ્રી એમ.આર. પટેલ

---

## ***JUDGEMENT***

(૧) સદર ફરીયાદપક્ષના કેસની ટુંકી વિગત એ મુજબ છે કે, આ કામના ફરીયાદી પો.કો. વિપુલભાઇ કલાભાઇ તથા અ.હે.કો. સંજયભાઇ તેજાભાઇ નાઓ તા. ૧૩/૦૯/૨૦૨૫ ના રોજ માતર ટોલ પ્લાઝા ખાતે ટ્રાફિક નિયમનમાં હાજર હતા તે દરમ્યાન વડોદરા તરફથી એક ટ્રક ચાલક પોતના કબ્જામાંની ટ્રક લઇને આવતો હોય તેના ઉપર શંકા જતા ટ્રક ચાલકને

**(રવિકુમાર આર.પરમાર)**
**જ્યુડી. મેજી. ફ.ક., આમોદ .**

ઈશારો કરી ટ્રક રોકાવી તપાસ કરતા ટ્રક ચાલકે કોઇ કેફી પીણું પીધેલાની સખત વાસ આવતી હોય નજીકમાંથી પંચો બોલાવી પંચોના માણસો રૂબરૂ તેનુ નામ-ઠામ પુછતાં તેણે પોતાનું નામ દિવ્યેશભાઇ નટવરભાઇ છગનભાઇ જણાવેલુ અને પંચો રૂબરૂ મોઢું સુંઘી-સુંઘાડી ખાત્રી કરતા, સદર ઇસમે દારૂ જેવું કોઇ કેફી પીણું પીધેલાની સખત વાસ આવતી હતી. જેથી સદર ઇસમ પાસે દારૂ જેવુ કેફી પીણું પીવા બાબતે પાસ પરમીટની માંગણી કરતા તેણે પોતાની પાસે નહી હોવાનું જણાવેલ. જેથી આરોપીને અટક કરેલ, જે બાબતે ફરીયાદીએ આમોદ પો.સ્ટે ફરીયાદ આપતા આરોપી વિરૂદ્ધ ગુનો નોંધેલ.

સદર ગુનાની તપાસ આમોદ પો.સ્ટે. ના તપાસ કરનાર અધિકારી નાઓને સોંપતા તેમણે તપાસ કરી, પુરાવાઓ એકઠા કરી, નામદાર કોર્ટમાં મોટર વાહન અધિનિયમ ની કલમ-૧૮૫ તથા પ્રોહિબીશન ઍક્ટની કલમ-૬૬(૧)બી મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ.

(૨) આરોપીને સમન્સની બજવણી થતાં તેઓ અદાલત રૂબરૂ હાજર થતાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૩૦ ની જોગવાઇઓ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલ વિનામુલ્યે આપી અને ત્યારબાદ આરોપીનું આંક-૦૩ થી નિવેદન નોંધવામાં આવતાં ગુનો કરેલ હોવાનો ઇન્કાર કરેલ છે. જેથી ફરીયાદ પક્ષના કેસની કાનુની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| **અનુ. નં.** | **આંક** | **સાહેદ તથા દસ્તાવેજનું નામ** |
|---|---|---|
| ૧. | ૦૪ | અ.હે.કો. સંજયભાઇ તેજાભાઇ |
| ૨. | ૦૫ | ફરીયાદ |

**(રવિકુમાર આર.પરમાર)**
**જ્યુડી. મેજી. ફ.ક., આમોદ .**

(૪) ફરીયાદ પક્ષ તરફથી મૌખિક રીતે પુરાવો પુર્ણ થયાનું જાહેર કરતાં, ફરીયાદ પક્ષના રજુ થયેલ પુરાવા સંદર્ભે આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવા પુરતા પુરાવાઓ ન જણાઇ આવતા, આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) ઉપરોક્ત તમામ પુરાવાઓ અને કેસની હકિકતને ધ્યાનમાં લેતાં કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શુ ફરીયાદ પક્ષ નિઃશંક પણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પોતાના કબજાની ટ્રક વગર પાસ પરમીટે કેફી પીણુ પીધેલ હાલતમાં રોડ ઉપર હંકારીને આવી પકડાઇ જઇ મોટર વાહન અધિનિયમ ની કલમ–૧૮૫ તથા પ્રોહીબીશન એૅક્ટ કલમ–૬૬(૧)બી મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કર્યો છે ?

(૨) આખરી શું હુકમ ?

(૬) ઉપરોક્ત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં...

(૨) આખરી હુકમ મુજબ...

## કારણો

(૭) આ કામે ફરીયાદ પક્ષ તર્ફે આંક–૦૪ થી ત.ક. અમલદાર અ.હે.કો. સંજયભાઇ તેજાભાઇ નાઓને તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં તેમણે સદર કામે કરેલ તપાસ અને થયેલ ગુના અંગે જુબાની આપેલી છે. વળી, તેઓ પોતાની ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, તેઓ દારૂ પરખવાના નિષ્ણાંત નથી, તેઓએ સદર કામે ફોર્મ–સી રજુ કરેલ

નથી, તેઓએ સદર કામે આરોપીનું બ્રેથ એનલાઇઝર ટેસ્ટથી ચકાસણી કરેલ હોય તેવુ બનેલ નથી.

(૮) વળી, રજુ થયેલ પુરાવો જોતા નામદાર કોર્ટને સદર કામે અન્ય કોઇ વધુ સાક્ષી તપાસવાથી ફળદાયી પરિણામ આવે તેવુ જણાઇ આવેલ નહી. જેથી નામદાર કોર્ટનો સમય વેડફાય નહી અને સદર કામે ઝડપી નિકાલ આવે તે હેતુથી અન્ય કોઇ સાક્ષીને તપાસેલા નથી.

(૯) રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતા માલુમ પડે છે કે, મુખ્ય સાહેદ એવા ત.ક.અમલદારની જુબાની જોતાં તેઓએ જણાવેલ છે કે, તેઓ દારૂ પરખવાના નિષ્ણાંત નથી અને સદર કામે ફોર્મ "સી" રજુ કરેલ નથી તેમજ તેઓએ સદર કામે આરોપીનું બ્રેથ એનલાઇઝર ટેસ્ટથી ચકાસણી કરેલ હોય તેવુ બનેલ નથી. વધુમાં જો બોમ્બે પ્રોહી. રૂલ્સ ૧૯૫૯ ના નિયમ–૪ વંચાણે લેવામાં આવે તો તેમાં આરોપીનું બ્લડ લેવાની પ્રક્રિયા વિશે જણાવેલ છે. વળી, નિયમ–૪ મુજબ ડો. શ્રીએ આરોપીનું લોહી લીધા પછી દિન–૭ માં તેનું સેમ્પલ લેબમાં મોકલી આપવાનું હોય છે. તેમજ જો નિયમ–૫ વંચાણે લેવામાં આવે તો તેમાં ટેસ્ટીંગ લેબોરેટરી દ્વારા દારૂ પીધેલ હોવા અંગેનું ફોર્મ–સી મોકલવા બાબત છે. વળી, સદર કામે ત.ક.અમલદાર દ્વારા ચાર્જશીટ સાથે ફોર્મ–સી રજુ કરવામાં આવેલ નથી. જે સંજોગોમાં આરોપીનું બ્લડ સેમ્પલ ટેસ્ટીંગ લેબોરેટરીને દિન–૭ માં મળી ગયેલ અને આરોપીએ દારૂ જેવું કોઇ કેફી પીણું પીધેલાનું ચોક્કસપણે કરેલ તે સાબિત થતુ નથી. વધુમાં એમ.વી. ઍક્ટની જોગવાઇ મુજબ આરોપી દારૂના નશાની અસર તળે હોય તે બાબતે તેઓના શ્વાસનું પરીક્ષણ બ્રેથ એનાલાઇઝર ટેસ્ટથી કરવામાં આવેલ હોય તેવુ પણ જણાય આવતું નથી.

(૧૦) આમ, ઉપરોક્ત ચર્ચાના આધારે ફરીયાદપક્ષ આરોપી નશો કરેલી સ્થિતિમાં પોતાના કબ્જાની ટ્રક હંકારી લાવેલાનું પુરવાર કરવામાં

નિષ્ફળ ગયેલ હોય અને તે રીતે એમ.વી. ઍક્ટ ની કલમ–૧૮૫ તથા પ્રોહિબીશન એક્ટની કલમ–૬૬(૧)બી મુજબના ગુનાના તત્વો સંતોષાતા ન હોય જેથી જરૂરી પુરાવાના અભાવે **મુદ્દા નં. ૦૧** નો જવાબ **નકારમાં** આપવામાં આવે છે અને **મુદ્દા નં. ૦૨** પરત્વે આખરી હુકમ મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// આખરી હુકમ //**

(૧) આ કામના આરોપી **દિવ્યેશભાઇ નટવરભાઇ છગનભાઇ પરમાર,** રહે. જુના કોબલા, વાંટા ફળીયું, તા. આમોદ, જી. ભરૂચ નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ–૨૭૮(૧) મુજબ મોટર વાહન અધિનિયમ ની કલમ–૧૮૫ તથા પ્રોહિબીશન એક્ટની કલમ–૬૬(૧)બી મુજબના ગુનામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે આરોપીના ટ્રાયલ દરમ્યાન રેકર્ડ પરના જામીનને અપીલ પીરીયડના જામીન સુધી ચાલુ રાખવામાં આવે છે, અને જો સદર જામીનદાર હવે પછી સદર કામના આરોપીના જામીન તરીકે રહેવા માંગતા ન હોય, તો તેઓ અત્રેની અદાલતમાં યોગ્ય અરજી કરી શકશે.

(૩) અપીલ સમય વીત્યા બાદ નાશ થવા પાત્ર મુદ્દામાલનો નિયમોનુસાર નિકાલ કરવો.

(૪) સદર કામે કોઇ મુદ્દામાલનો વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે. અને તે સિવાયનો અન્ય મુદ્દામાલ કે જે

**(રવિકુમાર આર.પરમાર)**
**જ્યુડી. મેજી. ફ.ક., આમોદ .**

મળવાપાત્ર હોય તો તેને અપીલ સમય વીત્યા બાદ વેરીફાઇ કરી પરત કરવો.

ચુકાદો આજ તા. ૧૮ મી, માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૮/૦૪/૨૦૨૬ (રવિકુમાર આર. પરમાર)

સ્થળઃ આમોદ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,

આમોદ.

કોડ–જી.જે. ૦૧૬૦૩

**(રવિકુમાર આર.પરમાર)**
**જ્યુડી. મેજી. ફ.ક., આમોદ .**